For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

સંગઠનમાં નવી ઊર્જા ફૂંકવા હાઈકમાન્ડનો માસ્ટરપ્લાન

ભાજપ 80 ટકા નવા ઉમેદવારોને ટિકિટ આપશે, સક્ષમ 20 ટકા જ રીપીટ થશે

શિક્ષિત યુવાનો અને મહિલા ઉમેદવારો પર પસંદગીનો કળશ ઢોળાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.8

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓનો જંગ હવે તેના નિર્ણાયક તબક્કામાં પહોંચી ગયો છે. ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી હોવા છતાં, ભારતીય જનતા પાર્ટીએ હજુ સુધી ઉમેદવારોની સત્તાવાર યાદી જાહેર કરી નથી. આ પાછળનું મુખ્ય કારણ પાર્ટી દ્વારા કરવામાં આવેલો મોટો વ્યૂહાત્મક ફેરફાર છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાજપ આ વખતે 80:20 નો ફોર્મ્યુલા અપનાવી રહ્યું છે, જેના કારણે સંગઠનના અનેક જૂના નેતાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

પાર્ટીના ઉચ્ચ સ્તરીય સૂત્રો મુજબ, આ વખતે 80 ટકા જેટલી ટિકિટો નવા ચહેરાઓ, ઉચ્ચ શિક્ષિત યુવાનો અને મહિલાઓને ફાળવવામાં આવશે. જ્યારે બાકીની 20 ટકા ટિકિટો જ વર્તમાન કોર્પોરેટરો કે જૂના નેતાઓને તેમના કાર્ય અને લોકપ્રિયતાના આધારે આપવામાં આવશે. આ નિર્ણય પાછળનો મુખ્ય હેતુ સંગઠનમાં નવી ઊર્જા લાવવાનો અને એન્ટી-ઈન્કમ્બન્સી ને ખાળવાનો છે. ખાસ કરીને વડોદરા મહાનગરપાલિકાની બેઠકો માટે ભાજપ દ્વારા કડક ફિલ્ટરિંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. પાર્ટીએ સ્પષ્ટ સંકેત આપ્યા છે કે કોઈપણ નેતાના સંતાન કે પરિવારજનને માત્ર ઓળખાણ કે વારસાના આધારે ટિકિટ આપવામાં આવશે નહીં. વડોદરામાં જે નેતાઓએ અન્ય પક્ષો છોડીને ભાજપનો કેસરિયો ધારણ કર્યો છે, તેમના માટે પણ ટિકિટ મેળવવી લોઢાના ચણા ચાવવા જેવી સાબિત થશે. માત્ર એવા જ ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે જે સ્થાનિક સ્તરે મજબૂત પકડ ધરાવતા હોય અને જેમની છબી બેદાગ હોય.

આજે વડોદરાના ઉમેદવારો માટેની ચર્ચા થશે

ગાંધીનગર ખાતે ચાલી રહેલી પાર્લમેન્ટરી બોર્ડની બેઠકમાં વડોદરાના ઉમેદવારો અંગે હજુ સુધી કોઈ સત્તાવાર ચર્ચા થઈ નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર, ગુરુવારે મોડી સાંજ સુધીમાં નામો ફાઈનલ થયા બાદ શુક્રવારે વિધિવત રીતે અથવા ટેલિફોનિક માધ્યમથી ઉમેદવારોના નામ જાહેર કરી દેવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતા છે.

યુવા અને મહિલા શક્તિ પર ફોકસ

ભાજપ આ વખતે માત્ર ચૂંટણી જીતવા માટે જ નહીં, પરંતુ ભવિષ્યનું નેતૃત્વ તૈયાર કરવાના લક્ષ્ય સાથે મેદાનમાં ઉતરી રહ્યું છે. વડોદરા જેવા શિક્ષિત અને જાગૃત મતદારો ધરાવતા શહેરોમાં ક્લીન ઈમેજ અને પ્રોફેશનલ બેકગ્રાઉન્ડ ધરાવતા ઉમેદવારોને આગળ કરી પક્ષ મતદારોનો વિશ્વાસ જીતવા માંગે છે. આ નવી રણનીતિથી આંતરિક અસંતોષ ઊભો ન થાય તે માટે પણ સંગઠન સતર્ક છે.

વહિવટી તંત્રના નબળા આયોજનના પગલે એન્જિનિયરિંગ કામોના વળતા પાણી

પાલિકાનું 'ફ્યુઅલ ફેલ્યોર': ડીઝલના ફાંફા પડતા 436 વાહનોના પૈડાં થંભી ગયા

ઈંધણ ખૂટી પડતાં કોર્પોરેશનના સેંકડો વાહનો ડેપોમાં શોભાના ગાંઠિયા બન્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.8

સંસ્કારી નગરી વડોદરામાં વહીવટી તંત્રની ગંભીર બેદરકારી અથવા આયોજનના અભાવે પાલિકાના વાહન વ્યવહાર વિભાગમાં મોટું સંકટ ઊભું થયું છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે ડીઝલનો જથ્થો ખૂટી પડતાં કોર્પોરેશનના અંદાજે 436 જેટલા વાહનોના પૈડાં થંભી ગયા છે. ઈંધણના અભાવે આટલી મોટી સંખ્યામાં વાહનો ડેપોમાં જ પડ્યા રહેતા પાલિકાના અનેક મહત્વના કામો પર તેની સીધી અસર જોવા મળી રહી છે.

મળતી વિગતો અનુસાર, પાલિકાના એન્જિનિયરિંગ વિભાગ હેઠળ આવતા

વિવિધ પ્રોજેક્ટ્સ અને જાળવણીના કામો માટે વપરાતા વાહનોને ડીઝલ ન મળતા આજે સવારથી જ કામગીરી પ્રભાવિત થઈ છે. ખાસ કરીને રસ્તાના સમારકામ, ડ્રેનેજ લાઈનની કામગીરી અને અન્ય સિવિલ કામોમાં વપરાતા ભારે મશીનરી અને વાહનો અટકી પડ્યા છે. આ સ્થિતિને કારણે શહેરના વિકાસકામો અને રોજિંદી ફરિયાદોના નિકાલમાં વિલંબ થવાની ભીતિ સેવાઈ રહી છે.

જોકે, આ કટોકટી વચ્ચે રાહતના સમાચાર એ છે કે વડોદરા શહેરની સફાઈ કામગીરીને આ સમસ્યાથી દૂર રાખવામાં આવી છે. તંત્ર દ્વારા પ્રાથમિકતાના ધોરણે સફાઈના વાહનો માટે જરૂરી ઈંધણની વ્યવસ્થા કરવામાં આવી હોવાથી શહેરના કચરાના નિકાલ અને ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શનની કામગીરી અટકી નથી, જેના કારણે નાગરિકોને ગંદકીનો સામનો કરવો પડ્યો નથી.

કોર્પોરેશનના સૂત્રોના જણાવ્યા અનુસાર, ડીઝલના પુરવઠામાં ટેકનિકલ અથવા પેમેન્ટના પ્રશ્ને આ અછત સર્જાઈ હોઈ શકે છે. હાલમાં તંત્ર દ્વારા નવા જથ્થા માટેના ઓર્ડર આપી દેવામાં આવ્યા છે અને ઉચ્ચ અધિકારીઓ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. પાલિકાના વહીવટી તંત્ર દ્વારા આશ્વાસન આપવામાં આવ્યું છે કે ટૂંક સમયમાં જ ડીઝલનો નવો જથ્થો આવી પહોંચશે, ત્યારબાદ તમામ 436 વાહનો ફરીથી કાર્યરત થશે અને સ્થિતિ સામાન્ય બની જશે. પરંતુ, આ ઘટનાએ પાલિકાના આગોતરા આયોજન સામે અનેક સવાલો ઊભા કર્યા છે.

ચૂંટણીને પગલે શિક્ષકોના બદલી કેમ્પ હાલ પૂરતા સ્થગિત કરાયા

પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી દ્વારા પત્ર મારફતે ડીઈઓને જાણ કરાઈ

ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ બદલી કેમ્પ યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.8

પ્રાથમિક શિક્ષકો માટે 21 મી તારીખે યોજાનાર ફેર બદલી કેમ્પ હાલ પૂરતા સ્થગિત કરાયા છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને પગલે બદલી કેમ્પ અટક્યા પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીએ તમામ ડીઈઓને પત્ર લખી જાણ કરાઈ હતી. હવે, ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ બદલી કેમ્પ યોજાશે.

પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી દ્વારા થોડા દિવસો પૂર્વે ઓનલાઈન જિલ્લા ફેરબદલી માટેની જાહેરાત કરવામાં આવી હતી. સરકારના આ પગલાથી રાજ્યભરના શિક્ષકોને તેમની પસંદગીના જિલ્લામાં જવા મળશે. જિલ્લા તેમજ નગર શિક્ષણ સમિતિઓ હેઠળ કાર્યરત પ્રાથમિક શિક્ષકો માટે ઓનલાઈન જિલ્લા ફેરબદલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જે પ્રમાણે શિક્ષકોની જરૂરીયાત હશે. તે પ્રમાણે જિલ્લા પસંદગી કરવાની તક મળશે. તા.21 એપ્રિલથી તા. 23 એપ્રિલ દરમ્યાન ઓનલાઈન અરજી કરવા જણાવાયું હતું. પ્રથમ તબક્કાની કાર્યવાહી પુરી થયા બાદ ખાલી જગ્યાઓ માટે સામાન્ય તબક્કાની તારીખ વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે. ઉમેદવારે જિલ્લા નગર શિક્ષણ સમિતિમાં તમામ માધ્યમવાર વિભાગ કે વિષય મુજબ ખાલી જગ્યા હશે. ત્યાં જિલ્લા ફેરબદલી માટે અરજી કરી શકશે. તેમજ જિલ્લા ફેરબદલી અંગેના હુકમો કોઈ પણ સંજોગોમાં રદ્દ કરવામાં નહી આવે તેમ પણ જણાવવામાં આવ્યું હતું. જોકે, હાલ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને પ્રાથમિક શિક્ષકોનો આ ફેર બદલી કેમ સ્થગિત કરવામાં આવ્યો છે. હવે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ આ કેમ્પ યોજાશે.

વાદળછાયા વાતાવરણ વચ્ચે બીજા દિવસે પણ વરસાદી છાંટા પડ્યા

વડોદરામાં અચાનક આવેલા વાતાવરણમાં પલટાને કારણે મંગળવારે સાંજે કેટલાક વિસ્તારોમાં વરસાદી ઝાપટું પડ્યું હતું. જ્યારે સતત બીજા દિવસે પણ વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. કેટલાક ભાગોમાં વરસાદી છાંટા પડ્યા હતા. બુધવારે શહેરનું મહત્તમ તાપમાન 34.6 અને લઘુત્તમ તાપમાન 25.6 ડીગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 80 ટકા અને સાંજે 46 ટકા નોંધાયું હતું. ગરમીના પ્રકોપ વચ્ચે વાતાવરણમાં આવેલા પલટાને કારણે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ક્મોસમી વરસાદ નોંધાયો હતો. નિષ્ણાંતોના મતે ઉત્તર ભારત પર સક્રિય થયેલા શક્તિશાળી વેસ્ટન ડીસ્ટર્બન્સના કારણે વાદળોનો એક વિશાળ જથ્થો ધીરે ધીરે ગુજરાતના ભાગો તરફ ગતિ કરી રહ્યો છે. આ પલટાને કારણે રાજ્યના વિવિધ વિસ્તારોમાં તોફાની પવન સાથે વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

(તસવીર : રણજીત સૂર્વે)

બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ અગાઉ રદ કરાયેલી ટ્રેનો પુનઃસ્થાપિત કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.8

પશ્ચિમ રેલ્વેના વડોદરા વિભાગે મુસાફરોની સુવિધા માટે એક મહત્વપૂર્ણ સૂચના જારી કરી હતી. નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ ગેરતપુર-અમદાવાદ સેક્શન પર પ્રસ્તાવિત કાર્યને કારણે અગાઉ રદ કરાયેલી ટ્રેનો હવે પુનઃસ્થાપિત કરવામાં આવી છે.

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝનમાં નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ પ્રોજેક્ટના ગેરાતપુર-અમદાવાદ સેક્શન પર જરૂરી કાર્ય હાથ ધરવાનું આયોજન કરાયું છે. આ કાર્ય માટે બુધવાર 8 એપ્રિલના રોજ ટ્રાફિક બ્લોક લાદવામાં આવનાર હોવાથી વડોદરા ડિવિઝનની ટ્રેનોને અસર થઈ હતી. જેમાં રદ કરાયેલી ટ્રેનોમાં ટ્રેન નંબર 69102 વટવા-વડોદરા મેમુ અને ટ્રેન નંબર 69115 વડોદરા-વટવા મેમુ 8 એપ્રિલના રોજ રદ કરવામાં આવી. ટ્રેન નંબર 22959 વડોદરા-જામનગર ઈન્ટરસિટી બુધવારે ના રોજ રદ કરવામાં આવશે. ટ્રેન નંબર 22960 જામનગર - વડોદરા ઈન્ટરસિટી 9 એપ્રિલના રોજ રદ કરવામાં આવનાર હોવાની જાહેરાત કરાઈ હતી. પરંતુ કરાઈ ન હતી. જ્યારે, આંશિક રીતે રદ કરાયેલી ટ્રેનોમાં ટ્રેન નં. 19033 વલસાડ - અમદાવાદ ગુજરાત ક્વીન વડોદરા - અમદાવાદ વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવી હતી. પુનઃનિર્ધારિત ટ્રેનોમાં ટ્રેન નં. 12009 મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ શતાબ્દી એક્સપ્રેસ મુંબઈ સેન્ટ્રલથી લગભગ 1 કલાક 15 મિનિટ મોડી ઉપડી હતી. નિયમન કરાયેલી ટ્રેનોમાં ટ્રેન નં. 19484 સહરસા - અમદાવાદ એક્સપ્રેસ વડોદરા ડિવિઝનમાં આશરે 2 કલાક 10 મિનિટ મોડી નિયમન કરવામાં આવી હતી. ટ્રેન નં. 12834 હાવડા-અમદાવાદ એક્સપ્રેસ વડોદરા ડિવિઝનમાં આશરે 2 કલાક 10 મિનિટ માટે નિયમન કરવામાં આવી હતી. ટ્રેન નં. 22718 સિકંદરાબાદ-રાજકોટ સુપરફાસ્ટ પણ વડોદરા ડિવિઝનમાં આશરે 1 કલાક માટે નિયમન કરવામાં આવી, ટ્રેન નં. 15636 ગુવાહાટી-ઓખા એક્સપ્રેસ બુધવારે વડોદરા ડિવિઝનમાં આશરે 1 કલાક માટે નિયમન કરવામાં આવી હતી.

મતદાન મથકો માટે 10% રિઝર્વ મશીનો સાથે EVM ફાળવણી

વડોદરા જિલ્લા અને તાલુકા પંચાયત માટે ફોર્મ ઉપાડવાની પ્રક્રિયા તેજ, 2675 ફોર્મનું વિતરણ

સૌની નજર ફોર્મ ભરાયા બાદ થનારી ચકાસણી અને ખેંચાયેલા ફોર્મ પછીના આખરી ચિત્ર પર

(પ્રતિનિધિ) વડોદરા. તા.8

આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને લઈને વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની બેઠકો માટે ઉમેદવારી નોંધાવવા ઈચ્છતા મુરતિયાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આજે જાહેર થયેલા સત્તાવાર આંકડાઓ મુજબ, વિવિધ બેઠકો માટે અત્યાર સુધીમાં કુલ 2675 ફોર્મનો ઉપાડ થયો છે, જે દર્શાવે છે કે આ વખતે ચૂંટણી જંગ ખરાખરીનો ખેલાશે.

ચૂંટણી તંત્ર દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત અનુસાર, જિલ્લાની વિવિધ પંચાયતો માટે ફોર્મ મેળવવાની પ્રક્રિયામાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. જોકે, રસપ્રદ વાત એ છે કે ફોર્મ ઉપાડવાની સંખ્યા હજારોમાં હોવા છતાં, હજુ સુધી એક પણ ઉમેદવારે સત્તાવાર રીતે પોતાનું ઉમેદવારી પત્ર ભરીને પરત જમા કરાવ્યું નથી. આગામી દિવસોમાં શુભ મુહૂર્ત જોઈને રાજકીય પક્ષોના સત્તાવાર ઉમેદવારો અને અપક્ષો પોતાના ફોર્મ જમા કરાવશે તેવી શક્યતા છે.

ચૂંટણી પ્રક્રિયાને પારદર્શક અને સુચારૂ બનાવવા માટે વહીવટી તંત્ર દ્વારા EVM ને લઈને પણ મહત્વની સૂચનાઓ જારી કરવામાં આવી છે. આગામી 12/04/2026 ના રોજ સવારે 08:00 કલાકે ખાસ તાલીમ અને મશીન ફાળવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત તમામ ચૂંટણી અધિકારીઓને સૂચના આપવામાં આવી છે કે કુલ મતદાન મથકો માટે 10% રિઝર્વ મશીનો સાથે EVM ફાળવણી કરવામાં આવે. મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી અને જિલ્લા પંચાયતના ચૂંટણી અધિકારીઓને આ અંગે જરૂરી વ્યવસ્થા અને 'સેલ્ફ ડિક્લેરેશન' ફોર્મ જમા કરાવવા માટે પણ આદેશો આપી દેવામાં આવ્યા છે.

હાલમાં ફોર્મ લેવાની પ્રક્રિયા ચાલુ હોવાથી કલેક્ટર કચેરી અને મામલતદાર કચેરીઓ ખાતે ઉમેદવારો અને તેમના સમર્થકોની ભારે ભીડ જોવા મળી રહી છે. રાજકીય ગરમાવો વધતા હવે સૌની નજર ફોર્મ ભરાયા બાદ થનારી ચકાસણી અને ખેંચાયેલા ફોર્મ પછીના આખરી ચિત્ર પર ટકેલી છે.

ટ્રેનમાં બાળકીઓ સાથે છેડછાડ કરનાર આરોપીને 5 વર્ષની સજા

(પ્રતિનિધિ) વડોદરા તા.8

ઉત્તર પ્રદેશના શરીફપુરના યોગેશકુમાર રામપુર સિંહ રાજપુત ટ્રેનમાં મુસાફરી કરી રહ્યો હતો. તે દરમિયાન એક પરિવાર પણ તેની સાથે મુસાફરી કરી રહ્યો હતો, જેમાં સગીર દીકરી અને દીકરાઓ સામેલ હતા.

મુસાફરી દરમિયાન આરોપી વારંવાર સગીર દીકરીને હેરાન કરતો હતો, જેથી પરિવારજનોએ તેને ચેતવણી આપી હતી. તેમ છતાં મોડી રાત્રે, જ્યારે મોટાભાગના મુસાફરો ઊંઘી ગયા હતા, ત્યારે આરોપીએ તકનો લાભ લઈને બે સગીર બાળકી સાથે શારીરિક છેડછાડ કરી હતી. બનાવ અંગે પરિવારજનોએ રેલવે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીની ધરપકડ કરી હતી. કેસ સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાલી, જ્યાં તમામ પુરાવા અને દલીલોને આધારે કોર્ટએ આરોપીને દોષિત ઠેરવી 5 વર્ષની સજા ફટકારી હતી.

ભાજપનું ઓપરેશન લોટસ ફૂલ ફોર્મમાં !

વડોદરા કોંગ્રેસમાં 'ભૂકંપ'ના સંકેતઃ 4 પૂર્વ કાઉન્સિલરો કેસરીયો ધારણ કરવા તૈયાર

'ટિકિટની શરતે' પક્ષપલટાની ચર્ચાથી રાજકારણ ગરમાયું

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરા મહાનગરપાલિકાની આગામી ચૂંટણીને લઈને અત્યારથી જ રાજકીય માહોલ ગરમાયો છે. ભારતીય જનતા પાર્ટીએ આ વખતે શહેરની તમામ બેઠકો જીતીને વિપક્ષ મુક્ત પાલિકા બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે. આ 'ક્લીન સ્વીપ'ના મિશનને પાર પાડવા માટે ભાજપે એડીચોટીનું જોર લગાવવાનું શરૂ કરી દીધું છે. આ દરમિયાન શહેરના રાજકીય ગલીયારામાં 'ઓપરેશન લોટસ'ની ચર્ચાએ જોર પકડ્યું છે, જેમાં કોંગ્રેસના ચાર દિગ્ગજ પૂર્વ કાઉન્સિલરો ભાજપમાં જોડાય તેવી પૂરેપૂરી શક્યતા જોવા મળી રહી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ભાજપ આ વખતે કોઈ પણ વોર્ડમાં જોખમ લેવા માંગતું નથી. જે વિસ્તારોમાં કોંગ્રેસનું વર્ચસ્વ છે અથવા જ્યાં ટક્કર કાંટાની છે, ત્યાં કોંગ્રેસના જ મજબૂત ચહેરાઓને તોડીને પોતાની તરફ ખેંચવાની રણનીતિ ઘડાઈ છે. ભાજપના ઉચ્ચ નેતૃત્વ દ્વારા વડોદરાના સંગઠનને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે 'જીતે તે જ ઉમેદવાર'ના ધોરણે રણનીતિ તૈયાર કરવી.

સૌથી વધુ ચોંકાવનારી વિગત એ છે કે કોંગ્રેસના 4 પૂર્વ કાઉન્સિલરો ભાજપના સંપર્કમાં છે. આ નેતાઓ પોતાના વિસ્તારમાં લોકપ્રિય છે અને તેમની પાસે મજબૂત વોટબેંક છે. ચર્ચા એવી પણ છે કે આ નેતાઓએ ભાજપમાં જોડાવા માટે આગામી ચૂંટણીમાં ટિકિટની 'ગેરંટી' માંગી છે. જો આ સોદો પાર પડશે, તો કોંગ્રેસ માટે વડોદરામાં મોટું ગાબડું પડશે અને વિપક્ષ તરીકેનો તેનો પક્ષ સાવ નબળો પડી જશે.

જો કોંગ્રેસના પૂર્વ કાઉન્સિલરોને ભાજપમાં પ્રવેશ મળે અને ટિકિટ આપવામાં આવે, તો ભાજપના જૂના અને નિષ્ઠાવાન કાર્યકરોમાં નારાજગી વ્યાપી શકે છે. જોકે, ભાજપનું નેતૃત્વ અત્યારે માત્ર 'જીત'ના આંકડા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. સામા પક્ષે, કોંગ્રેસ પોતાના કાર્યકરોને સાચવી રાખવા માટે મથામણ કરી રહી છે, પરંતુ સત્તાના સમીકરણો જોતા કાર્યકરોમાં પણ અસમંજસની સ્થિતિ છે. જો આ 'ઓપરેશન લોટસ' સફળ રહેશે, તો વડોદરા મહાનગરપાલિકાના ઈતિહાસમાં આ એક મોટો રાજકીય વળાંક સાબિત થશે.

માનસિક બીમાર યુવતીનો છત પરથી નીચે કૂદીને આપઘાત

(પ્રતિનિધિ) વડોદરા તા.8

ડભોઈ રોડ નજીક સોમાતડાવ વિસ્તારમાં આવેલા મહાપુરા વડા ના મકાનમાં રહેતી 18 વર્ષીય શ્રુતિ નામની યુવતી માનસિક રીતે બીમારી રીતે બિમાર હતી. માહિતી મુજબ બુધવારે 8 એપ્રિલના રોજ બપોરના સુમારે યુવતી પોતાની બિલ્ડિંગના છત પર પહોંચી ગઈ હતી. ત્યારબાદ તેણે અચાનક છત પરથી નીચે કૂદીને આપઘાત કરી લીધો હતો. આ બનાવ બનતા જ આસપાસના વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી અને સ્થાનિક લોકો એકત્ર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ વાડી પોલીસ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. પોલીસે યુવતીની લાશને કબ્જે લઈ પોસ્ટમોર્ટમ માટે એસએસજી હોસ્પિટલ ખાતે ખસેડી હતી.પ્રાથમિક તપાસમાં યુવતી બીમારીના કારણે માનસિક તણાવમાં હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. હાલ પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ફોર્મ વિતરણ

બે દિવસમાં વોર્ડ નં.16 થી 19 માટે 148 ઉમેદવારો ફોર્મ લઈ ગયા

(પ્રતિનિધિ) વડોદરા. તા.8

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના બ્યુગલ વાગતાની સાથે જ વહીવટી તંત્ર અને રાજકીય ગલિયારાઓમાં ભારે હલચલ જોવા મળી રહી છે. શહેરના વ્યૂહાત્મક રીતે મહત્વના ગણાતા વોર્ડ નંબર 16, 17, 18 અને 19 માટે ફોર્મ વિતરણની પ્રક્રિયા શરૂ થતા જ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ઉમેદવારો ફોર્મ લેવા માટે પહોંચ્યા હતા. ગત બે દિવસના આંકડા મુજબ, આ ચાર વોર્ડમાં કુલ 148 સંભવિત ઉમેદવારોએ નામાંકન પત્રો મેળવ્યા છે, જે દર્શાવે છે કે આ વખતનો ચૂંટણી જંગ અત્યંત રસાકસીભર્યો બની રહેશે.

કલેક્ટર કચેરી ખાતે ફોર્મ વિતરણના પ્રથમ દિવસે જ અનેક દાવેદારો પોતાના સમર્થકો અને કાર્યકરો સાથે ફોર્મ લેવા પહોંચ્યા હતા. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી જેવા મુખ્ય પક્ષો ઉપરાંત અપક્ષ તરીકે ઝંપલાવવા માંગતા સ્થાનિક આગેવાનોએ પણ ફોર્મ ઉપાડ્યા છે.

ચારેય વોર્ડમાં જે રીતે 148 જેટલા ફોર્મ ઉપડ્યા છે, તેને જોતા મુખ્ય પક્ષોમાં પણ ફાળ પડી છે. ટિકિટ માટે છેલ્લી ઘડી સુધી દાવેદારો પક્ષના મોવડી મંડળ પર દબાણ બનાવી રહ્યા છે. જો પક્ષમાંથી ટિકિટ નહીં મળે તો કેટલાક દાવેદારો અપક્ષ તરીકે પણ મેદાનમાં ઉતરે તેવી શક્યતાઓ નકારી શકાતી નથી.

આગામી દિવસોમાં જ્યારે ફોર્મ ભરવાની અંતિમ તારીખ નજીક આવશે, ત્યારે આ આંકડો હજુ પણ વધવાની ધારણા છે. અત્યારે તો સમગ્ર જિલ્લામાં ચૂંટણીનો માહોલ ચરમસીમાએ પહોંચ્યો છે અને દરેકની નજર હવે ફોર્મ ચકાસણી અને ઉમેદવારોના આખરી લિસ્ટ પર ટકેલી છે.

સીકલીગર ગેંગનો આરોપી જશપાલ દુધાણી નવ દિવસના રિમાન્ડ પર

અગાઉ અજય દુધાણી ગેંગના 7 આરોપીઓની ધરપકડ કરી જેલ ભેગા કરાયા હતા

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરા શહેર જુદી જુદી જગ્યાએ આરોપીઓને ભેગા મળી ગુના આચરતા હતા. ત્યારે અજય દુધાણી ગેંગ સામે ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ (GCTOC) હેઠળ ગુનો નોંધાયો છે. જેમાં 7 આરોપીઓની ધરપકડ કરી જેલ ભેગા કરી દેવાય છે ત્યારે એક નાસતા ફરતા આરોપીની ધરપકડ કરીને નવ દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા છે.

અજય દુધાણી ગેંગના અર્જુનસિંગ ઉર્ફે કથ્થોડ દર્શનસિંગ દુધાણી, કરણસિંગ ઉર્ફે વિક્કલ દર્શનસિંગ દુધાણી, મન્નીસિંગ દર્શનસિંગ દુધાણી, શંકર સોનુભાઈ મારવાડી, પ્રકાશ વિજયભાઈ રાજપુત, અજયસિંગ દર્શનસિંગ દુધાણી, શમશેરસિંગ ઉર્ફે હબ્લુસિંગ અને જશપાલસિંગ ઉર્ફે બચ્ચુસિંગ મનજીતસિંગ દુધાણી મળીને એક સંગઠિત ગેંગ બનાવી વડોદરા શહેર તેમજ રાજ્યના અન્ય વિસ્તારોમાં છેલ્લા દસ વર્ષથી વિવિધ ગુનાઓ આચર્યા હતા. પોલીસે વિવિધ 7 આરોપીઓને અટક કરીને કોર્ટમાં રજૂ કર્યા હતા. કોર્ટ દ્વારા કેટલાક આરોપીઓને પોલીસ કસ્ટડી રિમાન્ડ આપવામાં આવ્યા બાદ તેઓને વડોદરા મધ્યસ્થ જેલમાં મોકલવામાં આવ્યા છે. જ્યારે કેટલાક આરોપીઓ મૂળ કસ્ટડી મુજબ ગોધરા અને અમદાવાદ જેલમાં રાખવામાં આવ્યા છે. આ કેસમાં ખાસ કરીને આરોપી જશપાલસિંગ ઉર્ફે બચ્ચુસિંગ મનજીતસિંગ દુધાણી ફરાર હતો. તેને પણ પોલીસે તાજેતરમાં ઝડપી પાડ્યો હતો. ત્યારબાદ એસીપી સી ડિવિઝન અશોક રાઠવા સહિતની ટીમે તેને કોર્ટમાં રજૂ કરીને 30 દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. જો કે કોર્ટ દ્વારા આરોપીના 9 દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કરાયા છે.

રેલવે ઓવર બ્રિજ ઉપર ગડર લોન્ચીંગની કામગીરી પૂર્ણ થતાં નિર્ણય લેવાયો

અકોટા-દાંડીયાબજાર રેલવે ઓવર બ્રિજ વાહન ચાલકો માટે ખુલ્લો મુકાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.8

હાઈ સ્પીડ રેલવે પ્રોજેકટ બુલેટ ટ્રેનની કામગીરીના અનુસંધાને અકોટા સોલાર બ્રિજ 27 માર્ચથી 8 એપ્રિલ સુધી બંધ રાખવામાં આવ્યો હતો. બ્રિજ પર કામ ચાલી રહયું હોવાથી વાહન વ્યવહાર પર અસર વર્તાઈ હતી. નાગરિકોને આ દરમિયાન વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા અપીલ પણ કરવામાં આવી હતી. ત્યારે, હાલ આ કામગીરી પૂર્ણતાને આરે હોય સાંજ સુધીમાં પૂર્ણ થતાં બ્રિજ નાગરિકોને અવરજવરમાં ખુલ્લો મુકાયો હતો.

એલએન્ડટી દ્વારા મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ પ્રોજેકટ C-5 પેકેજની સિવિલ વર્કની કામગીરી વડોદરા ખાતે ચાલી રહી છે. આ કામગીરીના ભાગરૂપે અકોટા-દાંડીયાબજાર રેલવે

ઓવર બ્રિજ ઉપર ગડર લોન્ચીંગની કામગીરી કરવામાં આવી હતી. આ કામગીરી દરમ્યાન અકોટા-દાંડીયાબજાર રેલવે ઓવર બ્રિજ તથા બ્રિજ નીચેનું રેલવે અંડરપાસ તમામ પ્રકારના વાહનો માટે 27 માર્ચથી તા.8 એપ્રિલ સુધી બંધ કરવા પ્રોજેક્ટ મેનેજર દ્વારા જણાવાયું હતું. આ કામગીરી દરમ્યાન શહેરીજનોને અગવડતા ન પડે અને ટ્રાફિક સુચારૂ રીતે ચાલે તે હેતુથી વૈકલ્પિક ટ્રાફિક વ્યવસ્થા અંગે પોલીસ કમિશ્નર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. જેમાં તા.8 એપ્રિલ સુધી અથવા કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી અકોટા સોલાર બ્રિજને તમામ વાહનો માટે બંધ કરવામાં આવ્યો હતો. હાલ અકોટા-દાંડીયાબજાર રેલવે ઓવર બ્રિજ ઉપર ગડર લોન્ચીંગની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. ત્યારે, બ્રિજ નાગરિકો માટે ફરી ખુલ્લો મકી દેવામાં આવ્યો છે. બ્રિજ કાર્યરત થતા નાગરિકોને અવરજવરમાં આસાની રહેશે.